eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 220
March 19, 2010

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે અઠવા ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે વરાછા ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા શહેર હદ વસતિ ગણતરી–૨૦૧૧ અંતર્ગત ચાર્જ ઓફિસર તથા વોર્ડ ઓફિસર કમ માસ્ટર ટ્રેનર્સ માટે એક તાલીમનું આયોજન



સુરત મહાનગરપાલિકા શહેર હદ વસતિ ગણતરી–૨૦૧૧ અંતર્ગત ઘરયાદીકરણ અને મકાનોની ગણતરી તથા રાષ્ટ્રીય વસતિ પત્રક ભરવા માટે ચાર્જ ઓફિસર તથા વોર્ડ ઓફિસર કમ માસ્ટર ટ્રેનર્સ માટે એક તાલીમનું આયોજન સુરત મહાનગરપાલિકા કચેરી ખાતે સરદાર ખંડમાં આજરોજ તા.૧૫/૦૩/૨૦૧૦ના રોજ કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વેરા વસુલાત માટે સાઉથ ઈસ્ટઝોન (લિંબાયત)માં વેરા વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવાઈ, ૧૨૪ મિલકતો સીલ કરી ૧૪ નળ જોડાણ કાપ્યા

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ધ્વારા વેરા વસુલાત ઝુંબેશ પુર–જોશમાં શરૂ કરવામાં આવેલ છે. વેરો ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૭/૦૩/૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સુલેખન અને ગુજરાતી ગીતોની અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૭/૦૩/૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સુલેખન અને ગુજરાતી ગીતોની અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ,નાનપુરા,સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે અઠવા ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. જે અંર્તગત તા. ૧૩/૦૩/૨૦૧૦ ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે ન.પ્રા.શાળા નં.૭ અને ૨૬૫,અઠવાઝોન ઓફિસની સામે, આદર્શ સોસાયટી ખાતે રંગોળી સ્પર્ધા તેમજ એકપાત્ર અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો.

સાંજે ૭.૦૦ કલાકે અઠવા પાર્ટી પ્લોટ, ઉમરાપોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ ખાતે યોજાયેલ વયવંદના, ઋણ સ્વીકાર તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌપ્રથમ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ડે.કમિશ્નરશ્રી (સ્પે.)એ મંચસ્થ મહાનુભાવો અને હાજર રહેલ નગરજનોને આવકાર્યા હતાં. સ્વર્ણિમ ગુજરાત–૨૦૧૦ની ઉજવણી પ્રસંગે હાજર નગરજનોને કોઈ એક સંકલ્પ લેવા જણાવ્યું હતું. મેયરશ્રી તથા મંચસ્થ મહાનુભાવોએ સ્વાંતત્ર્ય સેનાનીઓ, સુરતના ઉધોગક્ષેત્રે સિંહફાળો આપનાર તેમજ વિવિધ ક્ષેત્રે આગવી કામગીરી કરનાર નાગરીકોનું શાલ, ટ્રોફી અને સન્માનપત્ર આપી બહુમાન કર્યું હતું.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતું કે, સ્વાંતત્ર્ય સેનાનીઓનું સન્માન કરી અમોએ અમારી તેઓ પ્રત્યેની લાગણી વ્યકત કરી છે. શહેરને સુંદર, સ્વચ્છ રાખવા માટે શહેરીજનો તરીકે આપણા સૌની જવાબદારી છે. શહેરને સ્વચ્છ રાખવા માટે શહેરના નાગરિકો પાસે આ પ્રકારના સંકલ્પની આશા રાખું છું. અમારો ધ્યેય લોકોને સુવિધાઓ આપવાનો છે. આ મારું શહેર છે એવી લાગણી કેળવવાની શહેરની પ્રજાને હાકલ કરી હતી. સુરત શહેરે સ્વચ્છ સુરત તરીકેની જે ઈજજત મેળવી છે તેને આપણે સૌએ જાળવી રાખવાની છે. શહેરની જનતાને પુરા પાડવામાં આવતા પાણીનો બગાડ ન કરવાની અને જરૂર પુરતા પાણીનો ઉપયોગ કરવાની અપીલ કરી હતી. શહેરી જનતાને વૃક્ષો વાવવાની પણ અપીલ કરી હતી. જેનાથી પર્યાવરણ સુધરશે અને આવનારી પેઢીને એ રીતે એક સુંદર ભેટ આપી શકીશું. સાથે સાથે વિજળીનો વ્યય અટકાવવાની પણ અપીલ કરી હતી. મહાનગરપાલિકા ઘણા વિકાસના કામો કરી રહી છે તેમાં પ્રજાને સહકાર આપવાની અપીલ કરી હતી. શહેરની પ્રજા સુરત શહેરને ગૌરવ અપાવે એવી મારી લાગણી છે અને તે માટે શહેરની કાળજી રાખવા માટેનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.

Continue …

શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે તેમના પ્રવચનમાં કહયું હતું કે સ્વર્ણિમ ગુજરાત વર્ષ –૨૦૧૦ની આપણે ઉજવણી કરી રહયા છીએ. ગુજરાત સરકાર જે રીતે કામગીરી કરી રહયું છે. જેમ ગુજરાત ભારતમાં નંબર ૧ બન્યું છે તે રીતે સુરત પણ આખા ભારતમાં નંબર ૧ રહયું છે. આખા સીટીની અંદર સુરત નંબર ૧ બને ત્યારે આપણે સૌએ યોગદાન આપવું જોઈએ.

સ્થાયીસમિતિના ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલા વર્ષમાં સુરતનો વિકાસ થયો છે. અઠવાઝોન સુરતમાં નહી પણ સમગ્ર રાજયમાં વિકાસની દ્રષ્ટિએ એક વિકાસનું મોડેલ બન્યું છે. અને જે વિકાસના ગ્રોથના સંકલ્પે આગળ વધી રહયું છે. સુરત મહાનગરપાલિકામાં મુખ્યમંત્રીએ જે સંકલ્પો મુકયા છે તેમાંથી પાંચ સંકલ્પોનો આપણે અમલ કરવો જોઈએ.



સાંજે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં અઠવા ઝોન વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓએ તથા અન્ય કલાસંસ્થાઓએ તેમની વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.

અંતમા સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી, શ્રીમતિ મંજુલાબેન સાવલીયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. હવે પછી તા.૧૪/૦૩/૨૦૧૦ થી તા.૨૦/૦૩/૨૦૧૦ દરમ્યાન વરાછા ઝોન વિસ્તારમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરીજનોને અપીલ કરે છે.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે વરાછા ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે.





જે અંર્તગત તા.૧૪/૦૩/૨૦૧૦ ના રોજ સવારે ૮:૩૦ કલાકે વરાછા ઝોન વિસ્તારમાં સામૂહિક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી સામુહિક સફાઈ અભિયાન તેમજ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં શાળાના બાળકો તેમજ નગરજનોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. આ રેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી શરૂ થઈ કોહીનૂર રોડ, હોટલ ઓએસીસ ખાતે પરત આવી હતી. જયાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા,ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર),શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, માજી મેયરશ્રી કનુભાઈ માવાણી તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તેમજ મ્યુ. સભ્યશ્રી ધ્વારા સામુહિક સફાઈ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શાળાના બાળકો અને જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. હવે પછી તા.૧૫/૦૩/૨૦૧૦ થી તા.૨૦/૦૩/૨૦૧૦ દરમ્યાન વરાછા ઝોન વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરીજનોને અપીલ કરે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા શહેર હદ વસતિ ગણતરી–૨૦૧૧ અંતર્ગત ચાર્જ ઓફિસર તથા વોર્ડ ઓફિસર કમ માસ્ટર ટ્રેનર્સ માટે એક તાલીમનું આયોજન



સુરત મહાનગરપાલિકા શહેર હદ વસતિ ગણતરી–૨૦૧૧ અંતર્ગત ઘરયાદીકરણ અને મકાનોની ગણતરી તથા રાષ્ટ્રીય વસતિ પત્રક ભરવા માટે ચાર્જ ઓફિસર તથા વોર્ડ ઓફિસર કમ માસ્ટર ટ્રેનર્સ માટે એક તાલીમનું આયોજન સુરત મહાનગરપાલિકા કચેરી ખાતે સરદાર ખંડમાં આજરોજ તા.૧૫/૦૩/૨૦૧૦ના રોજ કરવામાં આવેલ. સદરહુ તાલીમ પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રી એસ.અપર્ણા તથા સીટી સેન્સસ ઓફિસર અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. સદરહુ તાલીમમાં વસતિ ગણતરી કચેરી ગુજરાત રાજય ગાંધીનગર તરફથી સહાયક નિર્દેશકશ્રી દિગ્વીજય ગીરી, જીલ્લા સંકલન અધિકારીશ્રી યુ.એસ.શાહ,સહાયક સંકલન અધિકારી શ્રી કપિલકુમાર પાંડે, માસ્ટર ટ્રેનર ફેસીલીએટર શ્રી ભરતભાઈ વાઘેલા ઉપસ્થિત રહી તમામ ચાર્જ ઓફિસર તથા વોર્ડ ઓફિસરને તાલીમ સહિત માર્ગદર્શન આપ્યું હતું.

સુરત શહેર વિસ્તારના પ્રિન્સીપલ સેન્સસ ઓફિસર અને મ્યુનિ.કમિશ્નરશ્રીએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં તાલીમમાં ઉપસ્થિત તમામ સેન્સસ સ્ટાફને એ બાબતથી માહિતગાર કર્યા હતા કે શ્રી નંદન નિલેકાનીના અધ્યક્ષતા હેઠળ રાષ્ટ્રના પંદર વર્ષથી વધુ ઉમર ધરાવતા તમામને યુનિક આઈ.ડી.નંબર ઈશ્યુ કરવા માટે આ કામગીરી ખુબ જ મહત્વની હોય કામગીરીમાં ચોકસાઈ, નિષ્ઠા અને સમયબધ્ધતા જાળવે. વિશ્વના ઘણા બધા રાષ્ટ્રોમાં યુનિક આઈ.ડી.કાર્ડ આપવાની પ્રથાને અપનાવવામાં આવેલી છે. જેને આપણા રાષ્ટ્ર ધ્વારા અપનાવીને ઈશ્યુ કરવા માટેની દિશામાં કદમ ભરેલ છે. જે રાષ્ટ્રની સુરક્ષા અને સલામતી માટે, વ્યકિતની ઓળખ માટે, સરકારના વિવિધ કાર્યક્રમો/વિવિધ યોજનાઓના અમલીકરણ તેમજ આયોજનમાં સુધારો લાવવા માટે ચાવીરૂપ ભુમિકા અદા કરશે.

વસતિ ગણતરીની કામગીરી વસતિ ગણતરી અધિનિયમ, ૧૯૪૮ની જોગવાઈઓ હેઠળ કરવામાં આવે છે અને તે માટે દરેક ઘરોની મુલાકાત લઈ ઘરયાદીકરણ અને મકાનોની ગણતરી કરવા પત્રકમાં છપાયેલ બધા જ પ્રશ્નો પુછવા અને તેના જવાબો મેળવવાનો ગણતરીદાર/સુપરવાઈઝરોને અધિકાર આપવામાં આવેલ છે અને આ કાયદા હેઠળ જે નાગરિકોને પ્રશ્ન પુછવામાં આવે તેઓ પણ માહિતી આપવા બંધાયેલા છે.

TOP

## વેરા વસુલાત માટે સાઉથ ઈસ્ટઝોન (લિંબાયત)માં વેરા વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ બનાવાઈ, ૧૨૪ મિલકતો સીલ કરી ૧૪ નળ જોડાણ કાપ્યા

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ધ્વારા વેરા વસુલાત ઝુંબેશ પુર–જોશમાં શરૂ કરવામાં આવેલ છે. વેરો ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વેરા વસુલાતની ઝુંબેશમાં રહેણાંક વિસ્તારો જેવા કે મહાપ્રભુનગરમાં–૧૮, મારૂતી નગરમાં–૧૯, લક્ષ્મીનગરમાં–૧૩, રણછોડનગરમાં–૧૯,શિવહીરાનગરમાં–૧૧ તથા ઠાકોરનગરમાં–૧૫ સીલ મળી કુલ ૯૫–સીલ મારવામાં આવેલ છે. સીલ મારવાની કામગીરી શરૂ કરતા કસુરદાર કરદાતાઓએ સ્થળ ઉપર રૂા.૪,૮૬,૦૦૦/– ભરપાઈ કરી દીધા હતા. રેલ રાહત કોલોનીમાં ૧૪ નળ કનેકશન કાપવામાં આવેલ છે. કોમર્શીયલ માર્કેટો જેવી કે રઘુકુલ માર્કેટમાં ૧૭ તથા શિવકૃપા માર્કેટની ૧૨ દુકાનોમાં વેરો ભરવામાં અખાડા કરતા બાકીદારોની દુકાનોને સીલ મારવામાં આવેલ છે. કેટલાક કસુરદાર દુકાનદારોએ સ્થળ ઉપર વેરાની રકમ વ્યાજ/પેનલ્ટી સહીત પૂરેપૂરી ભરપાઈ કરી દેતા એવા દુકાનદારોની મિલકતો સીલ કરવામાં આવી ન હતી. કોમર્શીયલ મિલકતોમાં સ્થળ ઉપર રૂા.૫,૫૭,૦૦૦/–ની વસુલાત લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા ખુલ્લા પ્લોટોની વસુલાત માટે પ્લોટની જાહેર હરાજી કરવાની નોટિસ પણ દૈનિક પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ખુલ્લા પ્લોટો પર મિલકત ટાંચમાં લીધેલ હોવાના જાહેર નોટિસના બોર્ડ પણ કામગીરી કરવામાં આવી રહી છે. કેટલાક ઓર્ગેનાઈઝરો/બિલ્ડરોએ એમના વહીવટ હેઠળના પ્લોટના નાણા રૂા.૧,૨૭,૦૦૦/– પુરેપુરા વ્યાજ/પેનલ્ટી સહીત ભરપાઈ કરી દીધા હતા.

વેરા વસુલાત વધુ ઘનિષ્ઠ બનાવવા માટે તમામ બાકીદારોનું લીસ્ટ બનાવી બોર્ડ વાઈઝ તેની ફાળવણી કરી ડોર–ટુ–ડોર રીકવરી અભિયાન શરૂ કરવામાં આવેલ છે.

ઓપન પ્લોટના વેરા ભરવામાં અખાડા કરતા કરદાતાઓ ઉપર હવે પછીના સમયમાં હજુ આકરા પગલા લેવામાં આવનાર છે. આથી ઓપન પ્લોટના કરદાતાઓને તાત્કાલિક વેરો ભરી જવા આથી સુચના આપવામાં આવે છે.

TOP

## ''સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦'' ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૭/૦૩/૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સુલેખન અને ગુજરાતી ગીતોની અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન

''સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦'' ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૭/૦૩/૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સુલેખન અને ગુજરાતી ગીતોની અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ,નાનપુરા,સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સુલેખન સ્પર્ધામાં સેન્ટ્રલ ઝોન હદ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ૫ થી ૭ ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ અને માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/સંસ્થાના કલાકારો ગુજરાતી ગીતોની અંતાક્ષરી સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટયગૃહ(રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા.૨૫/૦૩/૨૦૧૦ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા પ્રવેશપત્રો પરત કરવાના રહેશે.

TOP